

ગાંધીનગરના આકર્ષણમાં વધારો... - પ્રાકૃતિક વૈભવ વચ્ચે વિકસી રહેલ ગાંધીનગરના આકર્ષણમાં વધુ એક છોગું ઉમેરાયું છે... ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં ઘણા સમયથી પાંજરામાં કેદ વાઘ-સિંહ અને દિપડો હવે પ્રાકૃતિક વાતાવરણમાં મુક્તરીતે હરી-ફરી શકશે... અને મુલાકાતીઓ મુક્તથી નિહાળી શકે એવા ઓપન મોટનું નિર્માણ કરાયું છે... ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન નિહાળવાના નિમિત્તે આવનારા પ્રવાસીઓની સંખ્યા હવે વધશે...

# શિસ્ત સંયમ જાળવી રાજકીય પક્ષો સાચા અર્થમાં સંવેદનશીલ બને

**છેલ્લા બે વર્ષથી ધાર્મિક તહેવારો અને લગ્ન પ્રસંગોની ઉજવણીનો રંગ ફીક્કો પડી ગયો છે માત્ર રાજકીય સભા, સરઘસ રેલી અને યાત્રાઓ બિન્દાસ્ત અને બેરોકટોક યોજાય છે : ત્રીજી લહેર આજે આવશે કે કાલે રોજબરોજ નીતનવી વાતો સંભળાય છે ત્યારે સંક્રમણના ખતરાને ટાળવા રાજકીય પક્ષોએ પણ સ્વંયશિસ્ત જાળવવી અનિવાર્ય**

**સમયસર**

ગાંધીનગર તા ૨૪

કોરોનાના કપરા કાળમાં છેલ્લા દોઢ વર્ષથી સમાજ જીવનનો સિનારિયો બદલાઇ ગયો છે. તહેવારો તેમજ લગ્નપ્રસંગની ઉજવણીનો રંગ ઉડી ગયો છે. કોરોનાની બીજીલહેર વધુ ઘાતક પુરવાર થતા હાલમાં પણ નાગરિકો સ્વયંશિસ્ત કેળવી કોઈપણ પ્રકારની ઉજવણીથી દુર રહેવા પ્રયાસ કરે છે. અલબત્ત ભીડ ભેગી ન થાય તે માટે વિશેષ જાગૃત બન્યા છે. હાલ પણ તહેવારોની મોસમ શરૂ થઇ ગઈ છે. ત્યારે આગામી નવરાત્રિ મહોત્સવ પણ નહીં ઉજવવા માટે નગરની કલા સંસ્થાઓએ નિર્ણય લીધો છે. કોવિડનુ સંક્રમણ ફેલાય નહી તેમજ ત્રીજી લહેરના ખતરાને ટાળવા માટે નગરની બિનસરકારી સંસ્થાઓએ સ્વેચ્છાએ જ આ પ્રકારની ધાર્મિક ઉજવણીથી દુર રહેવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત શહેરમાં નજીકના દિવસોમાં ગણેશોત્સવની ઉજવણી પણ નહી કરવા માટે નિર્ણય લેવાયો છે. નવરાત્રિની જેમ ગણેશોત્સવ પણ ધામધુમપુર્વક ઉજવાય છે. છેલ્લા બે વર્ષથી તહેવારો કે અન્ય ધાર્મિક ઉત્સવ કે લગ્નપ્રસંગની ઉજવણીને અનુલક્ષી નાગરિકોએ ગજબનો સંયમ અને શિસ્ત જાળવી રાખ્યા છે. કોરોનાના કાળચક્રની ગંભીરતા સમજીને નાગરિકો સરકાર કે રાજકીય પક્ષોથી બેકદમ આગળ રહીને કોરોના સામે લડત આપી સમાજ માટે સંવેદનશીલ અભિગમ દાખવી રહ્યા છે. પરંતુ સંવેદનશીલ સરકારના કાર્યક્રમો તેના ક્રમ મુજબ જ ચાલી રહ્યા છે. સરકાર તેમજ રાજકીય પક્ષોને રેલી , સભા, સરઘસ , યાત્રાના આયોજનમાં ક્યાંય

કોરોનાની ઘાતક અસર નડતી નથી. ચુંટણીલક્ષી આયોજનોમાં વ્યસ્ત રાજકીય પક્ષો પણ વારે તહેવારે બિન્દાસ્ત ભીડ ભેગી કરી તાયફા કરે છે. એકબાજુ કોરોનાની ત્રીજી લહેર આજે આવશે કે કાલે તેમ રોજબરોજ નતનવી વાતો કાને અથડાય છે ત્યારે ત્રીજી લહેરને આવકારવા માટે કોઈ કચાશ ન રહે તેવા રાજકીય દ્રશ્યો પણ આંખમાં ખુંચતા હોવાનો જન આક્રોશ પણ પ્રબળ બન્યો છે. શહેરમાં પણ વર્ષ દરમિયાન અનેકવિધ કલા સંસ્થાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત ગણેશોત્સવ અને નવરાત્રિ જેવા તહેવારોની રંગેચંગે ઉજવણી કરવામાં આવે છે. પરંતુ વર્ષોના અંતે ધાર્મિક તહેવારોની ઉજવણીને પણ કોરોના કાળમાં બ્રેક વાગી ગયો છે. દરેક નાગરિક સંક્રમણને ટાળવા માટે જાગૃત છે. આવા સંજોગોમાં કોરોના કાળમાં અપાતી છુટછાટમાં પણ સરકારે બેવડી નીતિ અપનાવી હોવાનો રોષ પણ અનેકવાર નાગરિકો

● અનુસંધાન પાન-૭ પર

# સેગ્રીગેશન કર્યા વિનાનો કચરો નહિ ઉપાડાય...

**આજે માત્ર ૨૯ ટન જ કચરો મળ્યો..!! શહેરના વિવિધ સેક્ટરોમાં ઘર્ષણના બનાવો થયા**

ગાંધીનગર, તા. ૨૪

સેગ્રીગેશન કર્યા વિનાનો કચરો નહિ લેવાની કમિશનરની કડક સૂચના પછી આ વિવાદ વધુ ને વધુ ઉગ્રતા પકડતો જાય છે. આજે શહેરમાંથી માત્ર ૨૯ ટન જેટલો જ કચરો મળ્યો હતો.

ગાંધીનગરના નવનિયુક્ત કમિશનરે મનપાને ફાળવવામાં આવેલ એક માત્ર સફાઈની સેવામાં ડોર ટુ ડોર કલેક્શનમાં ભીનો અને સુકો કચરો અલગ-અલગ ડોલમાં હોય તો જ લેવો તેની કડક સૂચના આપી છે. આ અંગે મનપાના તંત્રએ તેમની અપીલના કાગળોનું પણ વિતરણ વસાહતીઓને કર્યુ હતુ. ૧૬મી ઓગષ્ટથી સેગ્રીગેશન કરેલો જ કચરો કલેક્ટ કરાશે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

ગાંધીનગર મનપા દ્વારા નવા ભેળવવામાં આવેલ વિસ્તારો તેમજ શહેરના જુના વિસ્તારોમાં કચરાના નિકાલ માટેનુ ડસ્ટબીનોનું છેલ્લા ત્રણેક વર્ષથી વિતરણ કર્યુ જ નતી. આ મુદ્દે સ્વૈચ્છીક સંગઠ્નો, પૂર્વ કાઉન્સીલરો તેમજ રાજકીય આગેવાનો કમિશનરને રજુઆત કરી ચુક્યા છે. જો કે આ મુદ્દે કચરો લેવા જતા ડ્રાયવર-કંડકટરોને પણ લોકો સાથે ઘર્ષણના બનાવો સામે આવી રહ્યા છે. જો કે તંત્રએ તેના વલણમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નનૈયો ભણી દીધો છે.

છેલ્લા એક સપ્તાહથી શહેરમાં જે રોજનો ૧૩૦ મે. ટન જેટલો કચરો એકત્ર થતો હતો તે

● અનુસંધાન પાન-૭ પર

# વેરા વસુલાત અન્વયે સપ્ટેમ્બરમાં બાકીદારોને નોટીસ અપાશે

**વેરા વસુલાતના અંતે માત્ર ૪૦ ટકા કામગીરી નબળી વસુલાતના લીધે બાકીદારોની સંખ્યા વધુ**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં નવા અને જુના સેકટરોમાં પાણી ગટર વેરાની વસુલાત માટે પ્રતિવર્ષ માર્ચ મહીનામાં ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ દરવર્ષની જેમ આ વર્ષે પણ વેરા વસુલાત ઝુંબેશના ૬ મહીના બાદ પણ માંડ ૪૦ ટકા વેરો વસુલાયો છે. અલબત્ત તંત્રના ચોપડે બાકીદારોની સંખ્યા વધી છે. વેરા વસુલાતની નબળી કામગીરીના અંતે અત્યાર સુધી કોરોનાના કપરા કાળમાં બાકીદારોને નોટીસ આપવામાં આવી ન હતી જયારે હવે વેરા વસુલાત અન્વયે સપ્ટેમ્બરમાં બાકીદારોને હવે નોટીસ આપવામાં આવશે.

શહેરમાં પાણી ગટર વેરાના બાકી માંગણાની સામે માંડ ૪૦ ટકા જ વસુલાત થઈ છે. શહેરમાં દર વર્ષે માર્ચ મહીનામાં વસુલાત ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જયારે સમયસર વેરો ચુકવનારને તંત્ર દ્વારા યોગ્ય વળતર પણ આપવામાં આવે છે. એકબાજુ પાણી ગટરની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિવર્ષ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. શહેરમાં પાણી સપ્લાય કરવ પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. એક સર્વે મુજબ ગાંધીનગરમાં દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણીનો વપરાશ થાય છે. આમછતા નજીવા વેરાની ચુકવણી બાબતે વપરાશકર્તાઓ

● અનુસંધાન પાન-૭ પર

# શિક્ષકસજજતા સર્વેક્ષણને જિલ્લામાં નબળો પ્રતિસાદ મળ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં શિક્ષક સજજતા કસોટીને આજે નબળો પ્રતિસાદ મળતાં તંત્રના અધિકારીઓએ મૌન ધારણ કરી લીધુ છે.

જિલ્લામાં ૨૩૭ કેન્દ્રો પર આજે યોજાયેલી આ શિક્ષક સજજતા કસોટીમાં ૨૦થી ૨૫ ટકા જેટલા જ શિક્ષકો હાજર રહ્યા હોવાનું જાણવા મળેલ છે જેને પગલે તંત્રના અધિકારીઓએ આજે બપોર પછી મૌન ધારણ કરી લીધુ છે અને તેમના ફોન પણ મૂંગા કરી દીધા છે. શિક્ષક સજજતા કસોટીને લઈ આજે તંત્રએ શાળાના સમયમાં પણ ફેરફાર કર્યો હતો. અત્યંત નબળો પ્રતિસાદ ચારેય તાલુકામાં આ અંગે મળ્યો છે. આ કસોટી મરજીયાત હતી. જો કે રાજ્યભરમાં તેને નબળો પ્રતિસાદ સાંપડ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા આ સર્વેક્ષણની જાહેરાત પછી શિક્ષક મહાસંઘ અને શૈક્ષિક મહાસંઘમાં પણ વિરોધના સૂર ઉઠ્યા હતા પરંતુ સરકારે આજે મક્કમતા સાથે આ કસોટીનું આયોજન કર્યુ હતુ. જિલ્લામાં મળેલા ૭૦ ટકા જેટલા શિક્ષકો આ સર્વેક્ષણ કસોટીથી દૂર રહ્યા હતા. મળતી વિગતો પ્રમાણે આ કસોટીના પરિણામનું પૃથ્થકરણ કરી તંત્ર દ્વારા હવે કયા શિક્ષકોને કયા મુદ્દાઓમાં તાલિમની જરૂર છે તે અંગે અહેવાલ તૈયાર કરી અને તાલિમોનું આયોજન કરવામાં આવશે.

# સચિવાલય સંકુલમાં મોકડ્રીલના પગલે શહેરમાં ભારે ચર્ચા

ગાંધીનગર, તા.૨૪

મંગળવારે સાંજે ૭ થી ૯ દરમિયાન સચિવાલય વિધાનસભા સંકુલમાં બોમ્બ ફુટવાની ઘટના વિષય પર મોકડ્રીલનું આયોજન જિલ્લા તંત્ર દ્વારા કરાયું હતું. સાંજે ૨ કલાક દરમિયાન ચ-માર્ગ પર વાહનોની અવરજવર દરમિયાન ભારે ચેકીંગ અને ક્યારેક વાહનો અટકાવાયા હતા. વ્યાપક પ્રમાણમાં પોલીસના કાફલાઓ સચિવાલયની આસપાસ ખડકાયા હતા. જયારે ફાયરબ્રિગેડ, સીવીલ હોસ્પિટલ અને માર્ગ-મકાન વિભાગના મહત્વના કર્મચારીઓ - અધિકારીઓ આ મોકડ્રીલમાં જોડાયા હતા.

ભારે પ્રમાણમાં બંદોબસ્તના પગલે શહેરમાં મોડીસાંજ સુધી અફવા બજાર ગરમ રહ્યું હતું. અખબારની કચેરીઓમાં પણ સતત પૂછપરછ ચાલતી હતી. જોકે સમગ્ર ઘટનાની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરાઈ નથી.

# બોરીજ પમ્પીંગ સ્ટેશનનું દુષિત પાણી સાબરમતીમાં ફરી વળતાં સ્થાનિકોમાં રોષ

**નદીનું પાણી અને પટ પ્રદુષિત થવાની સાથે ગંદકી અને દુર્ગંધથી આસપાસના ગ્રામજનો પરેશાન : રોગચાળાની દહેશત**

ગાંધીનગર તા ૨૪

બોરીજના પમ્પીંગ સ્ટેશનમાંથી ગટરનુ દુષિત પાણી રજુઆત કરવામાં આવી છે. જયારે દુષિત પાણીના ભરાવાના લીધે આસપાસના વિસ્તારમાં પણ

ચોમાસાના દિવસોમાં આમ પણ અત્યારે મચ્છર જન્ય રોગચાળાએ માથુ ઉંચક્યુ છે.



સાબરમત્તી નદીમાં ઠલવાતુ હોવાના લીધે નદીનુ પાણી પણ પ્રદુષિત થઈ રહ્યુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આ મામલે સ્થાનિક ગ્રામજનો દ્વારા પણ અસહ્ય દુર્ગંધ પ્રવર્તી છે. જેના લીધે સ્થાનિકોએ રોગચાળો પ્રવર્તે તેવી દહેશત પણ વ્યકત કરી છે. આ અંગે ગુજરાત પ્રદુષણ બોર્ડ સમક્ષ પણ રજુઆત કરવામાં આવી છે. ત્યારે બોરીજ પમ્પીંગ સ્ટેશનનુ દુષિત પાણી સાબરમત્તી નદીમાં ઠલવાતુ હોવાથી આ વિસ્તારમાં અસહ્ય ગંદકી સાથે મચ્છરોનો ઉપદ્રવ પણ વધ્યો હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. અસહ્ય ગંદકી અને દુર્ગંધના લીધે ગમે ત્યારે રોગચાળો ફેલાય તેવી દહેશત પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે.

આ મામલે સ્થાનિક ગ્રામજનોએ વારંવાર રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. પમ્પીંગ સ્ટેશનનુ દુષિત પાણી સાબરમત્તી નદીમાં જતુ હોવાના લીધે નદીનુ પાણી તેમજ પટ પણ દુષિત થઈ રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે આ વિસ્તારમાં આસપાસ રહેતા ગ્રામજનોની હાલત વધુ દયાજનક બની છે. આ મામલે વારંવાર રજુઆતો કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. આમ આદમી પાર્ટીના લાલભાઈ વણજારા , ભરતજી ઠાકોર, બાબુજી ઠાકોર તેમજ સ્થાનિક આગેવાનોએ પણ આ સમસ્યાનો નિકાલ કરવા માટે વારંવાર રજુઆત કરી છે. આમ છતા કોઈ પગલા લેવાતા નથી.

# જન્માષ્ટમી અને ગણેશોત્સવની ઉજવણી માટે રાજ્ય સરકાર દ્વારા છૂટછાટો

**રાજ્યમાં જન્માષ્ટમી અને ગણેશોત્સવના આગામી તહેવારોની ઉજવણી લોકો કરી શકે તે હેતુસર મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટિની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે**

- જન્માષ્ટમી તા.૩૦/૮/૨૦૨૧ સોમવારે રાત્રે ૧૨ કલાકે કૃષ્ણ જન્મોત્સવ ઉજવી શકાય તે માટે જે ૮ મહાનગરોમાં રાત્રિ કરફયૂ અમલમાં છે તે મહાનગરોમાં તા.૩૦ ઓગસ્ટના એક દિવસ પૂરતો રાત્રિ કરફયુ રાત્રિના ૧ વાગ્યાથી અમલી કરાશે.
- મંદિર પરિસરમાં એક સમયે એક સાથે વધુમાં વધુ ૨૦૦ને દર્શન માટે છૂટ આપવામાં આવી છે.
- મંદિરોમાં દર્શન માટે આવનારા સૌ એ કોરોના સંક્રમણ નિયંત્રણ માટેની ગાઈડ લાઈન્સનું પાલન ફરજિયાત પણે કરવાનું રહેશે. આ માટે બે ફૂટના અંતરે સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે ગોળ કુંડાળા-સર્કલ કરીને તેમાં ઊભા રહિ દર્શન કરવાના રહેશે. મંદિર પરિસરમાં ફરજિયાત માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સના નિયમો પણ ચુસ્તપણે પાળવાના રહેશે.
- રાજ્યમાં જન્માષ્ટમી પર્વે યોજાતી શોભાયાત્રાની પરંપરા જળવાય તે માટે ૨૦૦ લોકોની સંખ્યામાં મર્યાદિત રૂટ ઉપર યાત્રાની છૂટ અપાશે
- રાજયમાં જન્માષ્ટમીના તહેવારોના લોકમેળા યોજવાની પરવાનગી આપવામાં આવશે નહિ
- મટકી ફોડ ઉત્સવને પરવાનગી આપવામાં આવશે નહિ.
- મુખ્યમંત્રીશ્રીએ ગણેશોત્સવનું પર્વ આગામી તા. ૯ સપ્ટેમ્બરથી તા.૧૯ સપ્ટેમ્બર દરમ્યાન રાજ્યમાં ઉજવાવાનું છે તે સંદર્ભમાં પણ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે.
- સાર્વજનિક ગણેશોત્સવમાં ૪ ફૂટની ગણેશ પ્રતિમા તથા ઘરમાં બે ફૂટની ગણેશ પ્રતિમાની સ્થાપના કરી શકાશે.
- સાર્વજનિક ગણેશોત્સવના સ્થળોએ મંડપમાં સોશિયલ ડિસ્ટન્સ તેમજ કોરોના સંક્રમણ નિયંત્રણ ગાઈડ લાઈન્સનું પાલન, ફરજિયાત માસ્ક સાથે લોકો ગણેશ દર્શન કરી શકશે. આ માટે બે ફૂટના અંતરે સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે માટે ગોળ કુંડાળા-સર્કલ કરીને તેમાં ઊભા રહિ દર્શન કરવાના રહેશે.
- સાર્વજનિક ગણેશોત્સવ સ્થળોએ માત્ર પૂજા-આરતી અને પ્રસાદ વિતરણની ધાર્મિક વિધિની જ છૂટ આપવામાં આવી છે અન્ય કોઈ જ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી શકાશે નહિ.

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# મેયરની ગ્રાન્ટનો વધુ એક વિવાદ બહાર આવ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકામાં મેયરની ગ્રાન્ટના વપરાશ અંગેનો વિવાદ શમવાનું નામ લેતો નથી. એક આર.ટી.આઈ.ના જવાબમાં કોરોનાની મહામારી દરમ્યાન મેયરની ગ્રાન્ટમાંથી ૧૭ લાખથી વધુના ખર્ચે માસ્ક અને સેનીટાઈઝરની ખરીદી કરવામાં આવી હોવાનું બહાર આવવા પામ્યુ છે.

અગાઉ મેયરની ગ્રાન્ટનો હિસાબ કોંગ્રેસના કાઉન્સીલર દ્વારા માંગવામાં આવ્યો હતો તેમાં આ વાત છુપાવવામાં આવી હતી હવે આર.ટી.આઈ.માં આ હકીકત બહાર આવતાં ગ્રાન્ટના હિસાબનો મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

આ માસ્ક અને સેનીટાઈઝરની ખરીદી શું ભાવે કરવામાં આવી તેની વિગતો આપવામાં આવી નથી. કેટલા નંગની ખરીદી કરવામાં આવી તે પણ વિગતો આપવામાં આવી નથી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com